ફરજિયાત મતદાન અને મહિલા અનામત વિધેયક આજે ફરી મૂળ સ્વરૂપે રજુ કરાશે

(ગુજરાતમિત્રના પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૬: સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે ૫૦ ટકા બેઠકો અનામત રાખવી અને ચૂંટણીમાં ફરજિયાત મતદાન કરવાની જોગવાઈ સાથેનું વિધેયક રાજ્યપાલે એવી ટકોર સાથે પરત કર્યુ હતું કે, 'જો આ વિધેયક પાળવામાં આવ્યું હોત તો વધુ આવકારદાયક ગણાત.'

રાજ્યપાલની ભલામણને અવગણીને વિધેયક તેના અગાઉના મૂળ સ્વરૂપેજ બહુમતીના જોરે પ્રસાર થવાની સંભાવના

રાજ્યપાલની ભલામણને અવગણીને રાજ્ય સરકાર આ વિધેયક તેના મૂળ સ્વરૂપે જ આવતીકાલે ગુજરાત વિધાનસભામાં દાખલ કરી બહુમતીના જોરે પસાર કરે તેવી સંભાવના છે.

આ વિધેયક અગાઉ વિધાનસભામાં બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું. જોકે, આ વિધેયકને મંજૂરી આપ્યા વિના વિધાનસભાને પરત કરતી વખતે રાજ્યપાલે એવું નિરીક્ષણ કર્યું હતું કે, આ વિધેયક પર પુખ્ત વિચારણા થવી જરૂરી છે. કારણ ભારતના બંધારણના આર્ટીકલ ૧૯માં અભિવ્યક્તિ સ્વતંત્રતા અંગે જે અધિકાર આપવામાં આવ્યાં છે તેમાં આ ફરજિયાત મતદાનનું વિધેયક બાધક છે. મતદારે ઘરમાંથી બહાર નીકળવું કે નહીં તે અંગે તે સ્વતંત્રતા ભોગવે છે. એટલે મતદારો અને રાજકીય પક્ષો વચ્ચે પણ પુખ્ત વિચારણા થાય તે જરૂરી છે. જો સરકાર મહિલાઓ માટે ૫૦ ટકા અનામત અને ફરજિયાત મતદાનનું વિધેયક અલગ લાવી હોત તો આવકારદાયક ગણાત.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક-૨૦૦૯ની જોગવાઈઓ મુજબ મ્યુનિ.કોર્પોરેશન અને નગરપાલિકાઓ સહિત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે મતદાર ફરજિયાત મતદાન ન કરે તો, ચૂંટણી અધિકારીએ મતદારને કારણદર્શક નોટીસ આપીને મતદાન કેમ ન કર્યું? તેનો ખુલાસો પૂછવાનો રહેશે. જો મતદાર બીમાર હોય, મતદાનના દિવસે ગુજરાત કે દેશની બહાર હોય અથવા તો ચૂંટણીપંચની પૂર્વ મંજૂરી લીધી હોય તો, આ કારણો ચૂંટણી અધિકારીને ખુલાસા તરીકે સ્વીકાર્ય રહેશે. જો મતદાર આ પ્રકારનો સંતોષકારક ખુલાસો ન કરે તો તેને ચૂંટણી અધિકારી તેને ડિફોલ્ટર જાહેર કરી શકશે. ડિફોલ્ટર મતદારને શું સજા કરવી તે અંગે સરકાર નિયમો ઘડીને વિધાનસભા સમક્ષ લાવશે.

સ્વાઈન ફલૂમાં પલસાણામાં બાબુ રાઠોડના મોત સાથે મરણનો આંક ૧૦ ઉપર પહોંચ્યો

સુરત, સોમવારઃ સુરતમાં સ્વાઈન ફલુના વધેલા કહેર વચ્ચે ગઈ કાલે વધુ એક દર્દીનું મોત નિપજયું હતું. સ્વાઈન ફલુમાં પલસાણાના આધેડના મોત સાથે મૃત્યુઆંક ૧૦ પર પહોંચી જવા પામ્યો છે.

આ સંદર્ભે સુરત જિલ્લા આરોગ્ય વિભાગના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ પલસાણામાં નવા ફળિયામાં રહેતા બાબુભાઈ રાઠોડ (ઉ.વ.૫૫)ને ગત તા.૨૭મી એ શંકાસ્પદ સ્વાઈન ફલુના લક્ષણો સાથે સારવાર અર્થે મહાવીર હોસ્પિટલમાં ખસેડાયા હતા જયાં તેમનો સ્વાઈન ફલુનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ત્યારબાદ ગઈ કાલે બપોરે સારવાર દરમિયાન તેમનું મોત નિપજયું હતું.

ગઈ કાલે નવી સિવિલ હોસ્ટિપલ અને સ્મીમેર હોસ્પિટલમાં દાખલ થયેલા એક- એક દર્દીનો આજ રોજ નેગેટીવ રીપોર્ટ આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સુરત શહેર-જિલ્લામાં સ્વાઈન ફલુના બીજા તબકકામાં શંકાસ્પદ સ્વાઈન ફલુના દર્દીઓનો આંકડો ૨૦૮ અને પોઝીટીવ દર્દીઓની સંખ્યા ૨૮ ઉપર પહોંચી ગઈ છે. જેમાંથી ૧૦ દર્દી મોતને ભેટયાં છે.

રાજ્યના ૧૪IAS અધિકારીઓની બદલી: ૧૩ બઢતી સાથે બદલી

ગાંધીનગર, તા.૬: રાજ્યમાં સુરત અને અમદાવાદ સહિત છ મહાપાલિકાઓની ચૂંટણીઓની જાહેરાતની ઘડીયો ગણાઈ રહી છે જ્યારે રાજ્ય સરકારે આજે ૧૪ આઈએએસ અધિકારીઓની બદલી અને ૧૩ આઈએએસ અધિકારીઓને સુપર સ્કેલમાં બઢતી સાથે બદલી કરી છે. જેમાં સુરતના સૂડાના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર કે.બી. ભટ્ટની પોરબંદર ડીડીઓ તરીકે બદલી કરાઈ છે.

ક્રમ	અધિકારીનું નામ	હાલની જગ્યા	બદલી-બઢતીની જગ્યા
૧.	કે.એન. ભટ્ટ	અધિક સચિવ શહેરી વિકાસ	લેબર કમિ.
૨.	પી.એન. પટેલ	અધિક સચિવ આદિવાસી વિકાસ	સચિવ માનવ અધિકાર પંચ
૩.	એમ.આઈ. પાટડીયા	અધિક સચિવ શ્રમ રોજગાર	કમિ.બ્યૂરો ઓફ પબ્લીક એન્ટરપ્રાઈઝ
૪.	પી.બી. પટ્ટણી	અધિક સચિવ અન્ન-નાગરિક	કમિ.મત્સ્યોદ્યોગ
૫.	કે.એચ. કનોજીયા	અધિક વિકાસ કમિ.ગાંધીનગર	એમ.ડી. અનુ.જાતિ આર્થિક વિકાસ નિગમ
૬.	આઈ.બી. પીરઝાદા	ડાયરેકટર ટેકનિકલ શિક્ષણ	સુપર સ્કેલમાં બઢતી
૭.	એમ.વી. જોશી	અધિક સચિવ આદિવાસી વિકાસ	સેટલમેન્ટ કમિશનર લેન્ડ રેકર્ડ્સ
૮.	આર.આર. વરસાણી	ડાયરેકટર જેએનયુઆરએમ અમદાવાદ	સુપર સ્કેલમાં બઢતી
૯.	ડી.એચ. બ્રહ્મભટ્ટ	મ્યુનિ.કમિ.રાજકોટ	સુપર સ્કેલમાં બઢતી
૧૦.	ડો.એસ.એ ગોલકીયા	સેક્રે. અપીલ મહેસુલ અમદાવાદ	કમિ.જમીન સુધારણા
૧૧.	એ. ભટ્ટાચાર્ય	કમિ. જમીન સુધારણા	સેક્રેટરી અપીલ મહેસુલ અમદાવાદ
૧૨.	એ.એમ. સોલંકી	કમિ. મત્સ્યોદ્યોગ	સચિવ કુટીર અને ગ્રામીણ ઉદ્યોગ
૧૩.	સંજય નંદન	-------	કમિ. વિકલાંગ
૧૪.	અજયકુમાર	આસિ. કલેકટર, રાધનપુર	ડીડીઓ જામનગર
૧૫.	જેનુ દીવાન	આસિ. કલેકટર દેવગઢબારિયા	ડીડીઓ દાહોદ
૧૬.	કુ. વિપ્રા બહલ	આસિ. કલેકટર તાપી વ્યારા	ડીડીઓ ભરૂચ
૧૭.	આલોકકુમાર પાંડે	આસિ. કલેકટર ખંભાળીયા	ડીડીઓ અમરેલી
૧૮.	રવિકુમાર અરોરા	આસિ. કલેકટર છોટાઉદેપુર	ડીડીઓ સાબરકાંઠા-હિંમતનગર
૧૯.	રાજેન્દ્રકુમાર	ડીડીઓ ભરૂચ	ડીડીઓ અમદાવાદ
૨૦.	પી.એ. શાહ	ડીડીઓ પોરબંદર	સંયુક્ત સચિવ આદિવાસી વિકાસ
૨૧.	પી.કે. સોલંકી	ડીડીઓ અમરેલી	કલેકટર ડાંગ-આહવા
૨૨.	લોચન શેહરા	કલેકટર દાહોદ	સુપ્રી. ઓફ સ્ટેમ્પ
૨૩.	જે.એમ. લૂણી	ડીડીઓ જામનગર	કલેકટર દાહોદ
૨૪.	એ.એમ. ખત્રી	અધિક સચિવ શહેરી વિકાસ	એમ.ડી. મધ્ય ગુજરાત વીજ કંપની વડોદરા
૨૫.	એચ.એન. ઠક્કર	ડીડીઓ દાહોદ	નાયબ સચિવ શહેરી વિકાસ
૨૬.	જે.એમ. સેવક	ડીડીઓ સાબરકાંઠા	સંયુક્ત સચિવ યુવા અને સાંસ્કૃતિક બાબત
૨૭.	કે.બી. ભટ્ટ	ચીફ એક્ઝીક્યુટીવ-સૂડા-સુરત	ડીડીઓ પોરબંદર

ત્રાસવાદના નામે ભાજપની રાજકીય ચાલના આક્ષેપ સાથે ચર્ચા કરવા કોંગ્રેસની તૈયારી

ગાંધીનગર, તા.૬: ગુજરાતમાં ત્રાસવાદના નામે સરકાર દ્વારા વોટબેંકની રાજનીતિ ચલાવવામાં આવી રહી છે, તેવો આક્ષેપ કરીને કોંગ્રેસ વિધાનસભા પક્ષની નેતાગીરીએ રાજ્યની કાયદો-વ્યવસ્થાની તૂટી પડેલી પરિસ્થિતિ અંગે વિધાનસભાની કાર્યવાહી મોકૂફ રાખીને ખાસ ચર્ચાની માગ કરી છે.

કોંગ્રેસ વિધાનસભા પક્ષના પૂર્વ નેતા અર્જુન મોઢવાડિયા, સીનીયર સભ્ય સિધ્ધાર્થ પટેલ અને ડો. અનિલ જોષીઆરાએ રાજ્યની કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણ તૂટી પડી છે, તેવો આક્ષેપ કરીને ખાસ ચર્ચાની માગ કરતી નોટીસમાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના ગૃહ, કાયદો અને જેલ રાજ્યપ્રધાન ખંડઈના પૈસા પડાવવાના અને ત્રિપલ મર્ડર કેસના મુખ્ય કાવતરાખોર તરીકે જેલમાં ગયા છે. ૫૦ વર્ષના ઈતિહાસમાં આવા સંખ્યાબંધ આક્ષેપો કોઈ પણ ગૃહપ્રધાન પર થયાં નથી. રાજ્યમાં ચાલતાં ગેરકાયદેસર ખનીજ ખોદાણ સામે મર્દાનગીપૂર્વક રાજ્યના હિતમાં લડનાર અમીત જેઠવાની પીઆઈએલ હાઈકોર્ટે દાખલ કરી એટલા માટે જ ગુજરાત હાઈકોર્ટની સામે તેમની ક્રૂર હત્યા કરવામાં આવી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં દલિતો ઉપર અત્યાચારની અનેક ઘટનાઓ બની છે. અમદાવાદ શહેરમાં કે રાજ્યમાં કોઈ પણ શહેરોમાં મહિલાઓના દાગીનાઓની ચીલ ઝડપના બનાવો એક વર્ષમાં જે બનતા ન હતા તે માત્ર એક જ મહિનામાં અમદાવાદમાં બનવા લાગ્યા છે. બે દિવસ પહેલાં ૫૦ લાખ રૂપિયાના સોનાની ધોળે દહાડે ધાડ પાડવામાં આવી છે. રાજ્યની પોલીસે કેટલાય પોલીસ અધિકારીઓને જેલમાં નાખવાનો વારો આવ્યો છે. ગુજરાત રાજ્યની સીઆઈડી ક્રાઈમની પોલીસે તુલસીરામ પ્રજાપતિના નકલી એન્કાઉન્ટરની વાત સ્વીકારીને એક આઈપીએસ ઓફિસર સહિત પોલીસ કર્મચારીઓને જેલમાં નાખેલા છે. પોલીસ કર્મચારીઓની પાસે ગેરકાયદેસર કૃત્ય કરાવીને પડદા પાછળ રહેનારા લોકો પોત પોતાનો સ્વાર્થ સાધી લે છે. ગુજરાતમાં ખૂન, લૂંટ, ધાડ, બળાત્કાર અને દલિતો ઉપર અત્યાચારના ગુનાઓ સતત થઈ રહ્યા છે. રાજ્યની સરહદો ઉપર કોઈ પૂરતું સંરક્ષણ રાખવામાં આવતું નથી. ૫૦ વર્ષના ઈતિહાસમાં ગુજરાતમાં ક્યારેય આતંકવાદી આવતા ન હતા. માત્ર પ્રવર્તમાન સરકારના શાસનમાં ગુજરાતમાં આતંકવાદીઓ આવે છે અને આતંકવાદીઓ ના આવે તો દેશના નાના-મોટા ગુનેગારોને આતંકવાદી ઠરાવીને નકલી એન્કાઉન્ટરોમાં મારી નાંખવામાં આવે છે. આ દર્શાવે છે કે, આતંકવાદના નામે વોટબેંકની રાજનીતિ ચલાવવાનું ષડયંત્ર ગુજરાતમાંછે.

શહેર - જિલ્લામાં મેઘમહેર યથાવત : એકથી ચાર ઈંચ વરસાદ: ઉકાઈ ૩૩૬ ફૂટ ઉપર સ્થિર

સુરત, સોમવારઃ સુરત શહેર સહીત સમગ્ર જીલ્લામાં દેમાર વર્ષા થઈ હતી. ગત ૨૪ કલાક દરમ્યાન શહેરમાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. જયારે જીલ્લામાં સૌથી વધુ માંડવી તાલુકામાં ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો.

દરમિયાન સુરત શહેરમાં ગઈકાલે રવિવારની રાતથી શરૂ થયેલો વરસાદ આજે બપોર સુધી ઝાંપટારૂપે વરસ્યો હતો. સવારે પણ ઝાંપટાઓનું જોર યથાવત રહેતા વિદ્યાર્થીઓ સહીત નોકરીયાત વર્ગને પરેશાની વેઠવી પડી હતી. બપોર પછી કાળા ડિબાંગ વાદળોની હાજરી વચ્ચે મેઘાએ વિરામ ફરમાવ્યો હતો.

આ ઉપરાંત બારડોલીમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન દોઢ ઈંચ, ચોર્યાસીમાં પોણો ઈંચ, કામરેજમાં બે ઈંચ, મહુવામાં એક ઈંચથી વધુ, માંડવીમાં ચાર ઈંચ, માંગરોળમાં એક ઈંચથી વધુ, ઓલપાડમાં સવા ઈંચ, પલસાણામાં એક ઈંચ, સુરત શહેરમાં સાડાત્રણ ઈંચ અને ઉમરપાડામાં આશરે ચાર ઈંચ વરસાદ ખાબકયો હતો.

શહેર અને જીલ્લામાં નોંધાયેલો વરસાદ

બારડોલી	દોઢ ઈંચ
મહુવા	એક ઈંચ
માંડવી	ચાર ઈંચ
માંગરોળ	એક ઈંચથી વધુ
ઓલપાડ	એક ઈંચથી વધુ
પલસાણા	એક ઈંચ
ઉમરપાડા	ચાર ઈંચ
સુરત શહેર	સાડા ત્રણ ઈંચ

ફલડ કંટ્રોલ વિભાગ પાસેથી જાણવા મળતી માહિતી પ્રમાણે આજે ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૩૬.૭૯ ફૂટ હતું જયારે ઉકાઈ ડેમની સપાટી સાંજે ૬ વાગ્યે ૩૩૬.૦૫ ફુટ રાખવામાં આવી હતી. ઉકાઈ ડેમમાં પાણીનો આવરો ૭૦ હજારો કયુસેક હતો અને આઉટફલો ૨૨૬૦૦ કયુસેકસ હતો.

તો બીજી તરફઈ હથનુર ડેમના ઉપરવાસમાં મપાવેલા પીપલધરામાં ગતરોજ ૨ ઈંચ જેટલો નોંધાયો હતો જેથી હથનુર ડેમમાંથી ૪૪ હજાર કયુસેક પાણી ઉકાઈ ડેમમાં છોડવામાં આવી રહ્યું છે.

અત્રે નોંધનીય છે કે સુરત સીટીનો અત્યાર સુધીનો મૌસમનો કુલ વરસાદ ૧૩૭૮ મીલી (૫૫.૧૨ ઈંચ) થયો છે.

માંગરોલનાં બોરીયા ખાતેથી ૧૫ ગેસનાં બોટલ, ૨૦૦ લીટર ભુરૂ કેરોસીન ઝડપાયું

સુરત, સોમવારઃ માંગરોલ તાલુકાનાં બોરીયા ગામ પાસેથી આજે બપોરે પોલીસે ૧૫ ગેસનાં બોટલ અને ૨૦૦ લીટર ભુરૂ કેરોસીન ભરેલી પીકઅપ વાન સાથે એકને ઝડપી પાડ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર મળેલી બાતમીનાં આધારે માંગરોલ પોસઈ નાનાભાઈ બિરાડે અને સ્ટાફે આજે બપોરે માંગરોલ તાલુકાનાં બોરીયાગામ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં ત્યાંથી પસાર થતી પીકઅપ વાન નં.જીજે-૧૯ ટી-૯૮૪ને અટકાવી તપાસ કરતાં અંદરથી ગેરકાયદેસરનાં ૧૫ એચપી કંપનીનાં ગેસ સિલિન્ડર તથા ૨૦૦ લીટર ભુરૂ કેરોસીન કિંમત રૂ.૩૧૫૦૦નું મળી આવ્યું હતું. પોલીસે આ સિલિન્ડર, કેરોસીન અને પીકઅપ વાન મળી કુલ રૂ.૨,૩૮,૧૦૦નો મુદામાલ કબજે લઈ ડ્રાઈવર રૂસ્તમ વલી પટેલ (રહે.વાંકલ મંદિર ફળીયુ, તા.માંડવી)ની ધરપકડ કરી હતી.

બનાવ સંદર્ભે પોલીસે આવશ્યક ચીજ વસ્તુ ધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ પોસઈ નાનાભાઈ બિરડે કરી રહ્યાં છે.

ભગવા આતંકવાદ અંગે ચિંદમ્બરમ વિરૂધ્ધ પોલીસ તપાસ કરવા કોર્ટનો આદેશ

અમદાવાદ, તા. ૬: દેશના ગૃહપ્રધાન પી. ચિદમ્બરમે ભગવા આતંકવાદ શબ્દનો ઉલ્લેખ કરી આપેલા નિવેદન સામે મેટ્રોપોલીટન કોર્ટમાં અરજી કરી પી. ચિદમ્બર વિરૂદ્ધ પગલા ભરવા સ્વામી નિજાનંદ તીર્થ માગણી કરી હતી.

સ્વામી નિજાનંદે સીડી અને અખબારો રજૂ કર્યા હતા ૯૦ દિવસમાં તપાસ કરી અહેવાલ રજુ કરવા આદેશ

સ્વામી નિજાનંદે ચિદમ્બર વિરૂદ્ધ નિવેદનની સીડી તથા અખબારોના કર્ટીંગ રજુ કરી સોગદનામું રજુ ર્ક્યુ હતુ. મેટ્રોપોલીટન મેજીસ્ટેટ એમ.જી.દવેએ આ કેસમાં પોલીસને ૯૦ દિવસમાં તપાસ કરી તેનો અહેવાલ કોર્ટ સમક્ષ રજુ કરવા હુકમ ર્ક્યો છે.

તાજેતરમાં જ દેશના ગૃહપ્રધાન પી. ચિદમ્બરમે દિલ્હી ખાતે તમામ રાજયોના પોલીસ વડાઓની બેઠક બોલાવી હતી. જેમાં સેફ્રોન ટેરરિઝમ (ભગવો આતંકવાદ) શબ્દનો પી. ચિદમ્બરમ દ્વારા તેનો ઉલ્લેખ કરવામાં આવતાં દેશભરમાં આ મુદ્દે વિવાદ શરૂ થયો હતો.

ભગવા આતંકવાદના મુદ્દે પી. ચિદમ્બરમ સામે બદનક્ષીનો દાવો કરી તેઓ સામે પગલા ભરવા માટે સ્વામી નિજાનંદ તીર્થે મેટ્રો કોર્ટમાં અરજી કરી હતી. મેટ્રોપોલીટન કોર્ટે સ્વામી નિજાનંદની ફરીયાદ લઈ પુરાવા રજુ કરવા જણાવ્યું હતુ. આજે સ્વામીએ પી. ચિદમ્બરમ વિરુદ્ધના પુરાવાઓ સાથે સોગદનામું રજુ ક્યું હતુ. કોર્ટે આ કેસમાં પોલીસને તપાસ સોંપી ૯૦ દિવસમાં પોલીસે પોતાનો તપાસ અહેવાલ કોર્ટ સમક્ષ રજુ કરવાનો આદેશ કર્યો છે

આ વર્ષે M.A., M.Comના કેન્દ્રોને પરસ્પર બેઠક વ્યવસ્થા ફાળવવાની મંજુરી અપાશે

(ગુજરાતમિત્રનાં પ્રતિનિધિ દ્વારા)

સુરત, સોમવારઃ વીર નર્મદ દ.ગુ. યુનિ.એ પ્રવર્તમાન શૈક્ષણિક વર્ષની પી.જી.ની એક્ષટર્નલ મોડની પ્રવેશ કામગીરી શરૂ કરતાં પૂર્વે દરેક સેન્ટરોએ પાસે ઉપલબ્ધ ભૌતિક વ્યવસ્થાની વિગતો એકત્ર કરી છે. આ વર્ષે એમ.એ. તથા એમ.કોમનાં કેન્દ્રોને પરસ્પર બેઠક વ્યવસ્થાની અદલાબદલી કરાશે.

એક્ષટર્નલ મોડના લગભગ ૧૨ હજાર જેટલાં વિદ્યાર્થીઓ માટે કરાયેલી વ્યવસ્થા ૧૬ સપ્ટે.થી ૧૪ ઓક્ટો. દરમિયાન પ્રવેશપત્રો અપાશે

યુનિવર્સિટી ખાતે શહેરની જુદી જુદી કોલેજોનાં આચાર્યોની મહત્ત્વની બેઠક યોજાઈ હતી. જેમાં એમ.એ. તથા એમ.કોમનાં એક્ષટર્નલ મોડનાં કમસેકમ બાર હજારથી વધુ પ્રવેશાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થા માટે આયોજનો કરાયા છે. ગયા વર્ષે ઘણાં કેન્દ્રો ઉપર પ્રવેશ પત્રકો ખુટી પડ્યાં હતાં. જ્યારે કેટલાંક કેન્દ્રો ઉપર પ્રવેશપત્રકો સડી રહ્યાં હતાં. પરિણામે યુનિ.એ એક કેન્દ્ર ઉપરથી પ્રવેશપત્ર લઈ બીજા કેન્દ્ર ઉપર પહોંચાડવાની કસરત કરવી પડી હતી. કેટલાંક પરીક્ષા કેન્દ્ર ઉપર તો પ્રવેશાર્થીઓને પાછા કાઢવા પડ્યાં હતાં. જેનાં પગલે ઘણો ઉહાપોહ થયેલો.

યુનિવર્સિટી તંત્રવાહકોએ આ તમામ બાબતોને ધ્યાનમાં રાખી એક્ષટર્નલ મોડનાં પ્રવેશ માટે તડામાર તૈયારીઓ કરી છે. શિક્ષણ વર્તુળોનાં જણાવ્યાનુસાર એક્ષટર્નલ યુ.જી. તથા પી.જી.નાં પ્રવેશપત્રકોનું વિતરણ આગામી ૧૬ સપ્ટેમ્બરથી ૧૪ ઓક્ટોમ્બર દરમિયાન કરાશે. આ વર્ષે દરેક કેન્દ્રને ઉપલબ્ધ ભૌતિક સુવિધાઓ જોઈ પ્રવેશ ફાળવવા દેવાશે. જેથી પરીક્ષાનાં સમયે બેઠક વ્યવસ્થા કરવામાં તકલીફ ન પડે. આ વર્ષે આર્ટ્સનાં કેન્દ્ર ઉપર કોમર્સનાં ઉમેદવારોને ફાળવવામાં આવશે. જેથી પરીક્ષા પ્રક્રિયામાં પણ કોઈપણ ગેરરીતિને અવકાશ નહીં રહે.

અમિત શાહની જામીન અરજીની આજે સુનાવણી

અમદાવાદ, તા. ૬: સોહરાબુદીન બોગસ એન્કાઉન્ટર કેસમાં સીબીઆઈ દ્વારા ધરપકડ કરી સાબરમતી જેલમાં જ્યુડિશીયલ કસ્ટડીમાં રખાયેલા પૂર્વ ગૃહ રાજ્ય પ્રધાન અમિત શાહના જામીન અંગેની સુનાવણી આવતીકાલ તા. ૭મી સપ્ટેમ્બરના રોજ સ્પે. કોર્ટમાં ધરાશે. આવતીકાલે અમીત શાહને જામીન મળશે કે નહિ તે અંગે લોકોમાં ઉત્તેજના છે.

સીબીઆઈ સ્પે. કોર્ટમાં આવતીકાલે અમીત શાહની જામીન અરજી અંગેની સુનાવણી હાથ ધરાનાર છે. જો કે છેલ્લી બે વખતની મુદતમાં અમિત શાહના સીનીયર કાઉન્સીલ રામ જેઠમલાણી તથા સીબીઆઈના સીનીયર કાઉન્સીલ કે.ટી. એસ. તુલસી ગેરહાજર રહેતા હોવાથી જામીન અરજીના મુદ્દે સુનાવણી થઈ શકી નહોતી અને મુદત પડતી હતી. હવે આવતીકાલે અમીત શાહ તરફથી સીનીયર ધારાશાસ્ત્રી રામ જેઠમલાણી હાજર રહે છે કે કેમ? તેના પર સુનાવણીનો આધાર છે. સોહરાબુદીન બોગસ એન્કાઉન્ટર કેસમાં રાજ્યના પૂર્વ ગૃહ રાજ્ય પ્રધાન અમીત શાહ ગઈ ૨૫મી જુલાઈ ૨૦૧૦ના રોજ સીબીઆઈ સમક્ષ હાજર થયા હતા. સીબીઆઈએ અમીત શાહને સ્પે. કોર્ટમાં રજુ કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા હતા.

પર્વતના લેસન વેપારીનું (અનુસંધાન પાના છેલ્લાનું)

પાછળનાં ઉદય એપાર્ટમેન્ટમાં રહેતાં ચંદ્રપ્રકાશ મુરલીધર સોની બેગમપુરા નવાબની વાડી ખાતે ગોકુલ ટેક્ષનાં નામે લેડીઝ શુઝ નિકાસ કરવાનો વ્યવસાય કરે છે. જ્યારે પર્વતગામમાં આવેલી શ્રીવર્ધન સોસાયટીનાં ઘર નંબર ૫૦૮માં રહેતો બીરમારામ આદુરામ જાની તૈયાર કપડાં પર લેસ લગાડવાનાં ધંધા સાથે સંકળાયેલો છે. થોડા સમય અગાઉ બીરમારામ જાનીએ ચંદ્રપ્રકાશ સોની પાસેથી રૂા.૨૫ લાખ ઉધાર લીધાં હતાં. જેના બદલામાં બીરમારામે પોતાનાં ઘરની ફાઈલ ગીરવે મુકી હતી અને ચંદ્રપ્રકાશ સોનીને ચેક આપ્યાં હતાં. જે તેર ચેક બીરમારામે આપેલાં તેમાંનો એક ચેક રીટર્ન થતાં ચંદ્રપ્રકાશ સોની તેને કહેવા જતાં બીરમારામે એવું કહ્યું હતું કે ઘરે આવીને પૈસા લઈ જાવ જેથી તા.૧લીનાં રોજ ચંદ્રપ્રકાશ સોની પર્વતગામની શ્રીવર્ધન સોસાયટીમાં ઘર નંબર ૫૦૮માં જ્યાં બીરમારામ જાની રહે છે ત્યાં ગયો હતો. એટલે બીરમારામ અને તેના ત્રણ મળતીયાઓએ પહેલાં તો ચંદ્રપ્રકાશ સોનીને બાજુનાં રૂમમાં લઈ જઈને હાથપગ બાંધી દઈને ગીરવે મુકેલા મકાનની ઓરીજીનલ ફાઈલ માંગી હતી અને નહીં આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તે પછી ચંદ્રપ્રકાશ સોનીએ પોતાનાં વકીલ પાસેથી ફાઈલ મંગાવવાની તજવીજ કરીને બીરમારામનો માણસ વકીલ પાસેથી ફાઈલ લઈ આવ્યો હતો. આટલેથી ન અટકતાં બીરમારામ જાનીએ ચંદ્રપ્રકાશ પાસેથી સાદા કાગળ ઉપર સુનિલ નામનાં વ્યક્તિ પાસેથી રૂા.૫ લાખ પાંચ ટકાનાં વ્યાજેથી લીધાં છે તેવું લખાણ લખાવી લીધું હતું અને બહારથી યુવતિને બોલાવીને ચંદ્રપ્રકાશનાં કપડાં બળજબરીથી ઉતરાવીને યુવતિ સાથેની બિભત્સ ક્લિપીંગ મોબાઈલ ફોનમાં ઉતારીને બદનામ કરવાની ધમકી આપ્યા બાદ બીરમારામ જાની આણી મંડળીએ ચંદ્રપ્રકાશ સોનીનાં ગળામાંનું પેન્ડલ, રોકડા રૂા.૨૧ હજાર તથા મોટરસાયકલ બળજબરીથી લઈ લીધાં હતાં અને તેને કારમાં બેસાડીને બારડોલી તરફ લઈ ગયા હતાં અને રૂા.પાંચ લાખની માંગણી કરી હતી. જો કે, ચંદ્રપ્રકાશ સોનીએ બે દિવસમાં રૂા.પાંચ લાખ આપવાની બાંહેધરી આપતાં બીરમારામ જાની અને તેના મળતીયાઓએ ચંદ્રપ્રકાશ સોનીને પુણાકુંભારીયાની ગંગા હોટલ પાસે છોડીને નાસી ગયા હતાં. બનાવ અંગે ભોગ બનનાર ચંદ્રપ્રકાશ સોનીએ ઘટના બની તેના પાંચ દિવસ બાદ લીંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

હવે જમીનના તકરારી

(અનુસંધાન પાના છેલ્લાનું)

ચર્ચા કર્યા બાદ તેમાં એફઆઈઆર કરવી કે કેમ ઉપરાંત ખોટી ફરિયાદ કરનારા સામે પગલાં લેવા જેવી બાબતે નિર્ણય કરી પોલીસ વિભાગને નિર્દેશ કરશે. ટૂંકમાં હવેથી જમીનને લગતા કેસો બાબતે આ કમીટીનો અભિપ્રાય લેવો પડશે. ચાર અધિકારીઓની બનેલી આ કમીટીનાં પગલે અત્યાર સુધી જમીનનાં કેસો બાબતે પોલીસ વિભાગ ઉપર થતાં આક્ષેપો આપોઆપ બંધ થઈ જશે. ઉપરાંત જમીનનાં કેસ હોવાથી મહેસુલી વહિવટી આંટીઘુંટીમાં પોલીસ વિભાગ અટવાતો હોવાથી સંયુક્ત નિર્ણય લેવાનાં પગલે પોલીસ વિભાગને મોટી રાહત થઈ છે.

વહેમમાં નહીં રહેતા

(અનુસંધાન પાના છેલ્લાનું)

મેડમનું કયાંય પણ નામ નહોતું.

મહાપાલિકામાં દર સોમવારે વિવિધ પ્રશ્નોની ચર્ચા માટે મેડમ તથા વિભાગીય વડાઓ વચ્ચે મિટિંગ યોજવામાં આવે છે. આજે પણ રાબેતા મુજબ મિટિંગ યોજાઈ હતી. મિટિંગમાં મેડમે અધિકારીઓને જણાવ્યું હતું કે આચારસંહિતા લાગી જાય તે પહેલા બુધવાર સુધીમાં જરૂરી તમામ કામો પતાવી દો અને કામો નહીં પતે તેમ હોય તે બાબતે મારૂં ધ્યાન દોરો. એવું નહીં સમજતા કે નવા કમિશનર આવશે અને તમે આચારસંહિતા હતી તેવા બહાના કાઢી છટકી જશો. હજુ બે માસ સુધી મારી બદલી થવાની નથી. મતલબ કે હજુ બે માસ સુધી હું અહીંયા જ છું. મેડમની ઉકત તાકીદને પગલે ઉચ્ચ અધિકારીઓ પણ વિચારમાં પડી ગયા હતા કે હજુ બે માસ સુધી તેમનો છુટકારો થશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે મેડમનું ઉકત નિવેદન જોતા સંભવિત ચૂંટણી પછી જ તેમની બદલી થવાની સંભાવના છે. આ સંજોગોમાં શહેરને નવા શાસકોની સાથે જ નવા અધિકારી મળવાની શકયતા જોવાઈ રહી છે.

મેડમની બદલીમાં થઈ રહેલો વિલંબ સરવાળે ભાજપ માટે જ નુકસાનકારક પુરવાર થશે. મેડમની કાર્યશૈલીથી માત્ર પક્ષના કાર્યકરો, અગ્રણીઓ, પદાધિકારીઓ નારાજ છે એવું નથી પરંતુ મનપા સાથે 'પનારો' ધરાવતી પ્રત્યેક વ્યક્તિ મેડમના કારભારથી વાજ આવી જઈને મેડમની બદલીની રાહ જોઈ રહયા છે પરંતુ રોજે રોજ મેડમની બદલીના દિવસો વધુને વધુ દૂર જઈ રહયા છે.

પ્રદિપ શર્માનો

(અનુસંધાન પાના છેલ્લાનું)

ભાવનગરના તત્કાલીન કમિશનર પ્રદીપ શર્માની ધરપકડ કરી હતી. ભૂજમાં જથ્થાબંધ અનાજ બજારમાં જમીન ફાળવવામાં આવી ત્યારે પ્રદીપ શર્મા કચ્છના તત્કાલીન કલેકટર હતા.

M.A., M.Com.એક્ષટર્નલના (અનુસંધાન પાના છેલ્લાનું)

નિર્ણય કર્યો છે. એક્ષટર્નલ મોડમાં પ્રથમ વર્ષમાં નાપાસ થયેલા ઉમેદવારને પણ દ્વિતીય વર્ષમાં જવા દેવાશે. એક્ષટર્નલ મોડમાં પાર્ટ વન તથા પાર્ટ ટુની પરીક્ષા કોઈપણ ઉમેદવાર એક સાથે આપી શકશે. માત્ર તે માટે ઉમેદવારે કેટલીક શરતોનું પાલન કરવું પડશે. એકાદ વિષયમાં એક્ઝામ્શનનો લાભ ઉમેદવાર દ્વિતીય વર્ષ સુધી પહોંચી શકશે અથવા એક્ઝામ્શનનો લાભ જતો કરી તે ધારે તો તમામ વિષયની પરીક્ષા એક સાથે આપી શકશે. એક્ઝામ્શનનો લાભ લેનારા ઉમેદવારોને માત્ર કલાસનો લાભ છોડવો પડશે. શિક્ષણશાસ્ત્રીઓ માને છે કે યુનિ.નાં આ પગલાંથી અસંખ્ય ઉમેદવારોને ફાયદો થશે. તેમને પી.જી.ની ડિગ્રી હાંસલ કરવાની તક ઉપલબ્ધ થશે!

BSNL 3G

BSNL Connecting India સુરત દૂરસંચાર જિલ્લો

Faster than your thoughts ને સંગ હવે

Listen and watch when you call & Talk face to face

સુરત શહેર, બારડોલી અને હજીરામાં 3G સર્વિસનો પ્રારંભ થઈ ચુક્યો છે.

તો હવે રાહ શેની જુઓ છો ??
જલ્દીથી જોડાઈ જાઓ
અને પ્રારંભીક ઓફરનો
લાભ લઈ લો..
રખે ને ચુકી જતાં !!!

પ્રારંભીક ઓફર તા.૧૨-૯-૨૦૧૦ સુધીજ

પ્રારંભીક ઓફર :

નવું 3G કનેક્શન ₹ ૧૨૦/- ના રિચાર્જ સાથે એકટીવેટ કરાવો અને મેળવો...

• ૧૦૦ મીનીટનાં વિડીયો કોલ
• ૨૦૦ MB નાં ડેટા યુજેઝ
• ૧૦૦૦ લોકલ અને ૧૦૦૦ નેશનલ SMS

ફ્રી*

હાલના BSNL 2G પ્રિપેઈડ/પોસ્ટપેઈડ ગ્રાહકો 3G એકટીવેટ કરવા માટે આટલું કરો....
SMS-ACT <space> 3G.... 53733 પર

હવે સુરતમાં ₹ ૧૦/- અને ₹ ૨૦/- નાં TOPUP કુપન ઉપલબ્ધ છે.

વધુ જાણકારી માટે આપના નજીકના ગ્રાહક સેવા કેન્દ્રનો સંપર્ક કરો.
www.gujarat.bsnl.co.in

જાહેર હરાજી

સુરતની ટ્રાન્સપોર્ટ કંપનીઓમાં સ્ટોપ ડીલીવરી કરવામાં આવેલ માલની ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ ૨૦૦૩ની કલમ-૭૦ અન્વયે રાજ્ય સાત કરવામાં આવેલ તે માલની તથા અત્રેની કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની એમ્બેસેડર કાર નં. GJ-1-G-2021ની તથા ફર્નિચરની હરાજી તારીખ ૯-૯-૧૦ના રોજ અત્રેની કચેરીમાં બપોરના ૧૨.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ અંગેનું જાહેરનામુ કચેરીના નોટીશ બોર્ડ ઉપર મુકેલ છે. હરાજીની શરતો હરાજીના સ્થળે વાંચી સંભળાવવામાં આવશે.

સરનામુ: નાયબ વાણિજયકવેરા કમિશનરશ્રી, (અન્વેષણ) વિભાગ-૫, સી/૪, બહુમાળી મકાન, નાનપુરા, સુરત

(એન. આર. ભોઇ)

તારીખઃ ૦૩/૦૯/૨૦૧૦ **સહાયક વાણિજિયકવેરા કમિશનર (૬), (અન્વેષણ) વિભાગ-૫, સુરત**

માહિતી-સુરત/૫૫૨/૨૦૧૦

ગુજરાત સરકાર
નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ઇ-ટેન્ડર નોટિસ નં. ૦૫ સને ૨૦૧૦-૧૧

૧.	કામનું નામ	કન્સ્ટ્રકટીંગ સી.ડી. વર્કસ ઓન નેચરલ ડ્રેઇન્સ ઇન કાકરાપાર કમાન્ડ એરિયા
૨.	અંદાજીત કિંમત પેકેજો.	₹ ૭.૭૭ લાખ થી ₹ ૧૧.૭૯ લાખ સુધીનાં કુલ ૯ (પેકેજ નં. ૧૨ થી ૨૦)
૩.	ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	૨૨/૯/૨૦૧૦ ૧૮.૦૦ કલાક સુધી.
૪.	વિભાગીય કચેરીનું નામ અને સરનામું	કાર્યપાલક ઇજનેરશ્રી, ડ્રેનેજ વિભાગ, સી-બ્લોક, ૩જો માળ, જીલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારી. ફોન નં. (૦૨૬૩૭)૨૫૯૧૪૩.

કામના ટેન્ડરના દસ્તાવેજો વેબસાઇટ www.nwr.nprocure.com ઉપર તેમજ વિગતવાર નોટિશ સરકારી વેબ સાઇટ www.statetender.com પર જોવા મળશે.

નંબર : માહિતી / નવસારી / ૨૦૬ /૧૦

વડોદરા મહાનગર સેવા સદન

વડોદરા મહાનગર સેવા સદનમાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી /અર્ધ સરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં	પી.આર.ઓ.નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજીત રકમ રૂ.
૧	૫૩૨/૧૦-૧૧	ગેસ પ્રોજેકટ	૦૩ ટૂંકી મુદત	૬૧,૬૯,૧૩૯/-

ઉપરોકત નંબરની જાહેરાતોમાં દર્શાવેલ તમામ કામો માટેના કોરા ટેન્ડર ફોર્મ તથા કામની વિસ્તૃત માહિતી જે તે કચેરીએથી મળી શકશે તથા વડોદરા મહાનગર સેવા સદનની મુખ્ય કચેરીના નોટીસ બોર્ડ પર જાહેરાત જઇ શકાશે. વડોદરા મહાનગર સેવા સદનની વેબસાઇટ www. vadodaracity.com. પરથી માહિતી તેમજ ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરવા માટે કોમ્પ્યુટરમાં Adobe Acrobat Reader ૫.૦(Or Higher version) Software ઇન્સ્ટોલ કરેલ હોવું જરૂરી છે. જે ઇન્ટરનેટ ઉપરથી અથવા વડોદરા મહાનગર સેવા સદનની વેબસાઇટ ઉપર આપેલ લિન્ક ધ્વારા ફ્રી ડાઉનલોડ કરી શકાય છે. તેમજ ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી ભરીને જાહેરાતના ટેન્ડર ડોકયુમેન્ટમાં દર્શાવ્યા મુજબ કોરા ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી ભરીને જાહેરાતના ટેન્ડર ડોકયુમેન્ટમાં દર્શાવ્યા મુજબ કોરા ટેન્ડર મેળવવાની અને ભરેલા ટેન્ડર પરત મોકલવાની નિયત તારીખે અને સમયે ટેન્ડર રેકર્ડ શાખા, રૂમ નં.૧૨૭/૨ ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ વડોદરા -૩૯૦૨૦૯ ને મોકલી શકાશે. કોઇપણ ભાવપત્ર મંજુર નામંજુર કરવાની અબાધિત સત્તા મ્યુનિ.કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં. ૫૩૪ / ૨૦૧૦-૧૧. જનસંપર્ક વિભાગ ધ્વારા પ્રકાશિત

અસલ રજીસ્ટ્રેશન પહોંચ ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ– જહાંગીરાબાદ ના રેવન્યુ નં. ૬–૭, ના રેવન્યુ બ્લોક નં. ૯ વાળી બીનખેતીની જમીનમાં આવેલા પ્લોટો કે જે **"રાધેશ્યામ સોસાયટી"** તરીકે ઓળખાય છે જે પૈકી (મંજુર થયેલ પ્લાનમાં પ્લોટ નં. ૨૩/સી) **પ્લોટ નં. ૨૩ થી ઓળખાતી મીલકત શ્રી કાંતિભાઈ ગોમાનભાઈ પટેલની માલીકી–કબજાની ચાલી આવેલ છે. જે મીલકત તેઓએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૧૧૫૪, તા. ૨૭/૧૦/૦૫ થી ખરીદ કરેલ છે. તથા તે અગાઉના રજી. દસ્તાવેજ નં. ૧૬૯૫ તા. ૨૧/૦૨/૦૫ છે તે દસ્તાવેજોની નોંધણી ફી ની અસલ રજીસ્ટ્રેશન પહોંચો (રસીદો) કયાંક ગુમ/ગેરવલ્લે થઈ ગયેલ છે. જે મળી આવેલ નથી. જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મીલકતમાં જો કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેન્કના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિત, હિસ્સા અધિકાર, ચાર્જ, બોજા પહોંચતા હોય તો તેવી વ્યકિત, સંસ્થા યા બેન્કો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭માં લેખિત પુરાવાઓ સહીત અમોને રૂબરૂ મળવુ. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ મીલકતમાં કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, હિત, હિસ્સા અધિકાર નથી અને હોય તો તે જતા કરેલ હોવાનું માની–સ્વીકારી લઈ અમારા અસીલ સદર મીલકતના માલીક પાસેથી પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશુ અને પાછળથી કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેશો.**

તા. ૦૬–૦૯–૨૦૧૦
ઓફિસ: ૧૦૪, પટેલ ચેમ્બર્સ, નાનપુરા, સુરત.

સંજય એસ. મોરે
વિલાસ વાય. સુપેકર
તે ખરીદનારના એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ- ડિસ્ટ્રીકટ તાલુકા સીટીનાં મોજે ગામ જહાંગીરાબાદનાં રેવન્યુ સર્વે નંબરઃ ૧૯૨, બ્લોક નં.૧૫૨, ડ્રાફટ ટી.પી. સ્કીમ નં.૪૨, ફાયનલ પ્લોટ નંબરઃ ૨૯/એ/૧ વાળી જમીનમાં **'સુંદરવન રો હાઉસ'** નામની સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં.એ/૯૬** કે જેનું ક્ષેત્રફળ **૬૦.૨૦ ચો.મી.** થાય છે. તે તથા તેની ઉપર બાંધવામાં આવેલ **ભોંયતળીયાના તથા પહેલા માળનાં બાંધકામ સહિત**ની મિલકત તેના માલીક **શ્રી દિપકભાઈ બાબુભાઈ ભેંસવાળા**એ પોતાની માલીકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, પરંતુ સદરહુ મિલકત અંગેનો વેચાણ દસ્તાવેજ નંબરઃ ૭૫૮૩, તા.૦૪-૧૦-૨૦૦૪નો અસલ **રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ (આર. આર.)** ગેરવલ્લે યાને ગુમ થઇ ગયેલ હોવાનું મજકુર માલીકે જણાવેલ છે, જેથી સદરહુ મિલકત ઉપર કોઈપણ સંસ્થા અથવા વ્યકિતની કોઇ લોન કે બોજો ચાલતો હોય કે કોઇનો પણ લાગભાગ હકક હિસ્સો ચાલી આવતો હોય તો તેમણે હમોનો દિન-૭માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત સંપર્ક કરવો. અન્યથા મુદત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારનો હકક- અધિકાર નથી અને સદરહુ મિલકતના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે તેમ માની મારા અસીલ સદરહુ મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લેશે. ત્યારબાદ, કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો વિરોધ કે તર તકરાર ચાલશે નહીં. જેની આથી સર્વેએ નોંધ લેવી.

તા.૦૬/૦૯/૨૦૧૦
ઓ.: યુજી-૮, પ્રાઇમ ચેમ્બર્સ, અઠુગર સ્ટ્રીટ, એસ.બી.આઇ.ની સામે, નાનપુરા, સુરત
મો.નં.:૯૮૨૫૪ ૨૨૧૪૦

ધર્મેશ એ. ચપટવાલા
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નિવિદા નં.: ૧ સને ૨૦૧૦-૨૦૧૧

ભુસ્તરશાસ્ત્રીશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ, 'સી' બ્લોક, ૭મો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત, ફોન નં. ૦૨૬૧-૨૪૭૨૦૮૮ તરફથી, જાહેર જનતા પાસેથી, સુરત ખાતેના તાપી નદીના પટ પૈકીના નીચે જણાવેલ વિસ્તારો (બ્લોકો) માટે રેતી ખનીજના ઉત્ખનન માટેના ટેન્ડરો રજી. પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી માંગવામાં આવે છે. ભરેલા ટેન્ડરો ભુસ્તરશાસ્ત્રીશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાની સુરત કચેરીને મોકલવાના રહેશે.

૧. કોરા ટેન્ડરો આપવાની અંતિમ તારીખઃ ૧૫/૦૯/૨૦૧૦ના રોજ ૧૬-૦૦ કલાક સુધી (સરકારી કામકાજના દિવસોએ)
૨. ભરેલા ટેન્ડરો પરત સ્વીકારવાની અંતિમ તારીખઃ ૩૦/૦૯/૨૦૧૦ના રોજ ૧૬-૦૦ કલાક સુધી (સરકારી કામકાજના દિવસોએ)
૩. ટેન્ડર ફી રૂા.૨૪૦૦/- નિયત કરવામાં આવેલ છે. પ્રત્યેક પ્લોટ માટે અલગ ટેન્ડર ભરવાનું રહેશે.

અ. નં.	પ્લોટ નંબર	પ્લોટનો વિસ્તાર (હેકટરમાં)	પ્લોટ વિસ્તારમાં સમાવિષ્ટ ગામો	લઘુમત ભરવા પાત્ર બીડની રકમ રૂા.	બાનાની રકમ રૂા.
૧	A	૦૬.૦૫.૨૬	માછી	૧,૩૩,૧૩,૨૮૦	૧,૨૧,૦૫૨
૨	B	૧૦.૭૫.૫૦	માછી	૨,૩૬,૫૬,૬૮૦	૨,૧૫,૧૦૦
૩	A	૦૭.૩૩.૭૮	ટીંબા	૭૪,૪૦,૦૦૦	૧,૪૬,૭૫૬

વિગતવાર જાહેર નિવિદા કચેરીના નોટીશ બોર્ડ ઉપર જોવા મળશે.

માહિતી-સુરત-૫૪૬/૨૦૧૦